| | | | | |
|---|---|---|---|---|
| **રજુ તારીખ** | :: | ૦૨.૦૩.૨૦૨૬ | | |
| **દાખલ તારીખ** | :: | ૦૨.૦૩.૨૦૨૬ | | |
| **નિકાલ તારીખ** | :: | ૧૪.૦૩.૨૦૨૬ | | |
| **અવધિ** | :: | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | ૦૦ | ૦૦ | ૧૨ |

**મે.ખેરગામનાં જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ સાહેબની કોર્ટમાં.મુ.ખેરગામ**

**ફોજદારી કેસ નંબરઃ– ૧૩૬/૨૦૨૬**
**ખેરગામ પો.સ્ટે.પાર્ટ સી ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૫૦૮૪૦/૨૦૨૫**
**આંક : ૦૮**

**ફરીયાદી :– નામદાર સરકાર**

**વિરુઘ્ધ**

**આરોપી :– ઈશ્વરભાઈ ઉકકડભાઈ પટેલ**
રહે.જામનપાડા ગવળા ફળિયા,
તા.ખેરગામ, જી. નવસારી.

**<u>ગુન્હો–ઘી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી, ૮૫(૧) મુજબ...</u>**

**–: <u>ઠ રા વ</u> :–**

**(૧)** આ કામના આરોપી સામે આ અદાલતની હકૂમતમાં તા.૨૮–૧૧–૨૦૨૫ ના રોજ કલાક ૨૨:૪૦ થી કલાક ૨૩ઃ૪૫ વાગ્યેના સુમારે મોજે જામનપાડા ગવળા ફળિયા તહોમતદારના ઘરે વગર પાસ પરમીટે કેફી પીણુ પી નશો કરી નશાની હાલતમાં લવારો બકવાસ કરતો લથડીયા ખાતો મળી આવી પકડાઈ જઈ ધોરણસરની કાર્યવાહીના અંતે ઉપર મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે.ત્યારબાદ તપાસના અંતે હાલના આરોપીઓ સામે ચાર્જશીટ રજુ કરતા તે હાલના કામે ફોજદારી કેસ નંબર ૧૩૬/૨૦૨૬ થી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

**(૨)** આ કામે આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને અદાલત સમક્ષ હાજર થઈ આંક–૦૫ થી ડીસ્ચાર્જ અરજી, આંક–૦૬ થી કબુલાત પુરસીસ, આંક–૦૭ થી પ્લી–નિવેદન રજુ કરેલ છે જેમા તેઓએ ગુનો કબુલ કરેલ છે. આ સંજોગોમાં હાલના આરોપી સામેનો ગુનો પૂરવાર થતો હોય, આરોપીને ગુનાની સજા અંગે સમજ કરવામાં આવેલ છે. આરોપીએ પોતાની પુરસીસમાં જણાવેલ હકીકતો ધ્યાને લેતા તેઓ ગરીબ, અને મજુર વર્ગનાં કુટુંબ–કબીલા વાળા

અને બાલ–બચ્ચાવાળા કુટુંબની જવાબદારી વાળા અને એકમાત્ર કમાનાર વ્યકિત હોય, ગુન્હા બદલ તેને પસ્તાવો થયેલ છે. તેના પર દયારહેમ રાખવા વિનંતી કરેલી છે.

(૩) હાલના આરોપીઓ સામેના કેસમાં તપાસ કરનાર અમલદારશ્રી એ ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ–૬૬(૧)બી, ૮૫(૧) મુજબ હાલનો ગુન્હો ગણી ચાર્જશીટ કરેલ છે પરંતુ આ કામનુ ચાર્જશીટ સાથે એફ.એસ.એલ. રીપોર્ટ પણ રજુ થયેલ નથી તેમજ આંક–૦૫ થી ડીસ્ચાર્જ અરજી રજુ કરેલ જે મંજુર કરી પ્રોહીબિશન એકટની કલમ ૮૫(૧) ના ગુનામાં ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ હાલના આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય તેમજ તેથી સજાની જોગવાઈ ધ્યાને લેતાં કેસની હકીકતો, રજુઆતો અને કબુલાતના સંજોગો જોતા આ ગુનામાં આરોપીઓને કસુરવાન ઠરાવવામાં આવે છે. સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતા આરોપીને પુરેપુરી સજા કરવાને બદલે **નામ. ગુજરાત હાઈકોર્ટના જી.એલ.આર. ૨૦૦૫, પેજ નં. ૧૦૯, પરના સ્ટેટ ઓફ ગુજરાત –વિ– નટવર હરચંદજી ઠકકર**ના ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ હળવી સજા કરવાનું ન્યાયોચિત જણાય છે અને આ કામે આરોપીએ ગુનો કબુલ કરેલ છે. આમ સમગ્ર હકીકતો લક્ષમાં રાખી હાલના ઉપર લખ્યા આરોપીને ગુનો કબુલ કરતા હોય ગુનાની કબુલાતના સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપી **ઈશ્વરભાઈ ઉકકડભાઈ પટેલ,** રહે.જામનપાડા ગવળા ફળિયા, તા.ખેરગામ, જી. નવસારીનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) મુજબ ગુજરાત પ્રોહીબીશન અધિનિયમની કલમ ૮૫(૧) મુજબના ગુનામાં ડીસ્ચાર્જ કરેલ છે તથા ગુજરાત પ્રોહીબીશન અધિનિયમની કલમ ૬૬(૧)બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– (અંકે રુપિયા એક સો) પુરાનો રોકડ દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા, જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૦૧ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજ તા.૧૪મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતના સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

ખેરગામ.
તા.૧૪.૦૩.૨૦૨૬

**(ધરાંથ આર.પટેલ)**
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, ખેરગામ.
**CODE : GJ 01753**